# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


પરિપત્ર:-

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, આર્ટસ, કોમર્સ, મેનેજમેન્ટ, હોમ-સાયન્સ તથા ગ્રામવિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે જે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની થાય છે ત્યાં સેમેસ્ટર -2 અને ૪ ના રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા કોલેજ કક્ષાએ તા. ૧૫/૦૨/૨૦૧૯ થી ૨૮/૦૨/૨૦૧૯ દરમ્યાન કોલેજના આચાર્યશ્રીઓ દ્વારા ગોઠવવાની રહેશે અને તેની જાણ કોલેજના વિદ્યાર્થીઓને કરવાની રહેશે. ગોઠવાયેલ પ્રાયોગિક પરીક્ષાઓના કાર્યક્રમની નકલ તેમજ પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોને અપાયેલ નિમણુંક ઓર્ડરની નકલ પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગને મળે તે રીતે મોકલી આપવાની રહેશે.

તપાસાયેલ પ્રાયોગિક પરીક્ષાની ઉત્તરવહીઓ કોલેજોએ તેમના રેકોર્ડ પર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર પડે માંગણી કરવામાં આવે ત્યારે જ રજૂ કરવાની રહેશે અને કોલેજ પણ જે તે પરીક્ષાનું રીઝલ્ટ જાહેર થયા પછી છ માસ સુધી સાચવવાની રહેશે આ અંગેની તમામ કોલેજના આચાર્યશ્રી એ નોંધ લેવી. અને કોલેજમાં ફરજ બજાવતા સંબધિત કર્મચારીઓને જાણ કરવાની રહેશે. ઓનલાઇન એન્ટ્રી કરવાની તારીખ હવે પછી જણાવવામાં આવશે.

વિદ્યાર્થીઓનાં સીટ નંબરની યાદી જે કોલેજને મળેલ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના નામ અને SPU ID ઉપર પ્રાયોગિક પરીક્ષા લેવડાવવાની રહેશે.

આચાર્યશ્રીઓએ પ્રાયોગિક પરીક્ષામાં પોતાની કોલેજના માન્ય/સિનિયર અધ્યાપકોને નિમણુંક આપી પ્રાયોગિક પરીક્ષાઓ લેવડાવવાની રહેશે, અને જો કોલેજમાં માન્ય અધ્યાપક ન હોય તો ત્યાંથી નજીકની કોલેજમાંથી માન્ય અધ્યાપકોનો સંપર્ક કરીને પરીક્ષા પુર્ણ કરવાની રહેશે.

પરીક્ષકશ્રીઓએ કોઇ પણ પ્રકારનું ગ્રેસિંગ કરવાનું નથી તેમજ નિયમાનુસાર આઉટ ઓફ ટર્ન પરીક્ષા લેવાની રહેશે નહિં.

પ્રાયોગિક પરીક્ષાના સંચાલન પેટે જે તે કોલેજના આચાર્યશ્રીને કો- ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવા અથવા આચાર્યશ્રી જે અધ્યાપકોને નિયુકત કરે તેમને રૂ. ૧૨૫/- (રૂપિયા એકસો પચ્ચીસ) નું મહેનતાણું પ્રતિદિન ચુકવવું. આ ફકત સરકારી તથા ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોને જ લાગુ પડશે.

ઉપર મુજબની જાણ કોલેજનાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના ધ્યાન પર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**નોંધ : સ્વનિર્ભર સંસ્થાઓએ પ્રાયોગિક પરીક્ષાનો તમામ ખર્ચ સંસ્થાએ જ ભોગવવાનો રહેશે.**

પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૫૯૨૪/૨૦૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૧૪/૦૨/૨૦૧૯

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ પી.જી.સેન્ટરના વડાઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીનાઅંગત સચિવશ્રી,
(2) આઇ.ટી. સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.